Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

7823

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૨ ઓગષ્ટ, ૨૦૧૯

**શ્રી કૌશિકભાઇ પટેલ**
*માનનીય મહેસુલ મંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય
બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાયલ
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**માનનીય મંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

વઢવાણ તાલુકાના સુરેન્દ્રનગર ફાસ્ટનર્સ મેન્યુફેક્ચરર એસોસીયેશન તરફથી એક રજૂઆત મળેલ છે જે મુજબ વર્ષ ૨૦૧૧માં તેમણે હાલના માનનીય વડાપ્રધાનશ્રી અને તે સમયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ ઝાલાવાડમાં દેશનું સૌથી મોટું ફાસ્ટનર્સ ક્લસ્ટર બનાવીને ઇન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના કરવાનું વિચાર કરેલો. પત્રમાં જણાવ્યા પ્રમાણે તેમના ૨૭ સભ્યો દ્વારા વર્ષ-૨૦૧૧માં રજીસ્ટર્ડ દસ્તાવેજથી દેદાદરા ગામ(તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર) ની ૧૦૦ એકર જેટલી જમીન સંપાદિત કરવામાં આવેલી અને ત્યારબાદ તેમણે તે જમીનને ઔદ્યોગિક હેતુમાં ફેરવવા માટેની અરજી કરેલ. આમ તેમની રજૂઆત પ્રમાણે ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા અંગે ઉદ્યોગની પરવાનગી ની રેવન્યુ નોંધમાં તમામ ક્ષતિ પૂર્તતા કરેલ હોવા છતાં પણ જીલ્લા કલેક્ટર પાસે જમીન મહેસૂલ અધિનિયમ પ્રમાણે કલમ-૫૪ હેઠળની તેમની આ અરજીઓ છેલ્લા ૮ વર્ષથી પેન્ડીગ છે તેવું તેમની રજૂઆતમાં જણાવેલ છે.

પત્રમાં જણાવ્યા મુજબ આ અંગે તેમણે વારંવાર જીલ્લા કલેક્ટર કચેરીમાં રજૂઆત કરેલ છે, પરંતુ કોઇ સચોટ નિર્ણય કરવામાં આવતો નથી જેની લાંબાગાળે ઝાલાવાડના લોકોની રોજગારી પર પ્રતિકૂળ અસર થશે. સુરેન્દ્રનગર ફાસ્ટનર્સ મેન્યુફેક્ચરર્સ એસોસીયેશન નો પત્ર આ સાથે આપની જાણ અને યોગ્ય નિર્ણય માટે બિડાણ કરેલ છે.

આ અંગે સત્વરે વિચારણા કરવા અમારી નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :

૧. સુરેન્દ્રનગર ફાસ્ટનર્સ મેન્યુફેક્ચરર્સ એસોસીયેશન
C/O.સનસાઇન ફાસ્ટનર્સ
પ્લોટ નં.૧૬૦૧/૧૬૦૨, ફેઝ-૩, વઢવાણ
સુરેન્દ્રનગર.

૨. પ્રમુખ
ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ
જૈન દેરાસર સામે, શ્રી અંબિકા માઇ મંદીર પાસે

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org www.gujaratchamber.org

Reg. No.

Surendranagar
Fasteners Manufacturer Association

Ref. No. Date :

તા. ૩૧/૦૭/૨૦૧૯

પ્રતિશ્રી,

કે.રાજેશ સાહેબ,

કલેકટરશ્રી,

સુરેન્દ્રનગર જિલ્લા,

સુરેન્દ્રનગર.

**વિષય : વઢવાણ તાલુકાનાં દેદાદરા ગામે ન્યુ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અંગે.**

સાહેબશ્રી,

સુરેન્દ્રનગર જીઆઇડીસી સને ૨૦૦૬ માં પૂર્ણ વિકસીત થતા અમોએ સને ૨૦૧૧ માં તે સમયના માન. મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનથી નહી નફો નહી નુકશાનના ધોરણથી ફાસ્ટનર્સનું ભારતનું સૌથી મોટું કલસ્ટર બનાવીને ઈન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના કરવાનુ વિચાર્યુ હતુ.

અમોએ વઢવાણ તાલુકાના દેદાદરા ગામે ન્યુ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ડેવલોપ કરવાના ઈરાદાથી અમે ઝાલાવાડમાં વઢવાણમાં આવેલ જીઆઇડીસી સિવાય અન્ય કોઇ મોટો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ન હોય સરકારશ્રી સાથે એમઓયુ કરી અને નાની-મોટી ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના સુરેન્દ્રનગરમાં થાય અને બહારના મોટા ઉદ્યોગકારોને સુરેન્દ્રનગરમાં આમંત્રણ આપી અને ઉદ્યોગો સ્થાપે અને ઝાલાવાડનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી વઢવાણ તાલુકાના દેદાદરા ગામની આશરે ૧૦૦ એકર જમીન વેચાણ રાખેલ. જે સને ૨૦૧૧ ના આરશામાં રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરવામાં આવેલ અને તે અંગે કાયદાકીય પરવાનગી લઇને અમારા ૨૭ થી વધુ સભ્યશ્રીઓએ ઘણુ મોટુ રોકાણ કરવામાં આવેલ છે.

સને ૨૦૧૧ ના આરશામાં જમીન ખરીદ્યા બાદ તેનો પ્લાન તૈયાર કરીને તે અંગેનું રેવન્યુ નોંધો દાખલ કરવામાં આવેલ છે અને આપશ્રીની કચેરીમાં છેલ્લે ઔદ્યોગિક હેતુમાં ફેરવવા માટે અને તે અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરવામાં આવેલ છે. જેને આજે આઠ-આઠ વર્ષ જેટલો



C/o Sunshine Fasteners Plot No. 1601 / 1602 Phase-III, Wadhwan-Surendranagar
Tel Fax No : +91 2752 240457, 240004 E-mail : rameshsolanki43@gmail.com

Scanned by CamScanner

Surendranagar
Fasteners Manufacturer Association

Ref. No. Date :

ખુબ જ લાંબો સમય થઇ ગયેલ છે પરંતુ અમારી ફાઇલ ક્ષતિ પૂર્તતાના બહાના હેઠળ ઉપર-નીચે ફર્યા કરે છે અને તમામ ક્ષતિ પૂર્તતા થઇ ગયેલ હોવા છતા સદરહુ ફાઇલ આઠ વર્ષથી ગમે તે કારણોસર અટવાઇ પડેલ છે અને કોઇ નિર્ણય આવતો નથી અને નિર્ણયની અપેક્ષાએ આખા પ્રોજેકટનું કામ ખોરંભે પડેલ છે.

અમોએ જયારે જયારે તપાસ કરીએ છીએ ત્યારે કોઇને કોઇ કારણસર ફાઇલ પેન્ડીગ રાખવામાં આવેલ છે તેવુ જાણવા મળે છે. અમોએ રૂબરૂ પણ આ અંગે યોગ્ય ખુલાસાઓ કરેલ છે અને જણાવેલ છે કે, વઢવાણ અને સુરેન્દ્રનગરનો વિસ્તાર ઉદ્યોગોમાં અતિ પછાત છે અને જો નવા **ઉદ્યોગો આવા ઇન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવી સ્થાપવામાં આવશે તો ઉદ્યોગોના વિકાસથી લોકોને રોજી-રોટી મળી રહેશે અને સરકારશ્રીનો પણ હંમેશા ઉદ્યોગો સ્થાપવામાં અગ્રતા આપવાનો ઉમદા આશય છે. તે અંગે સરકારશ્રી તરફથી અવાર-નવાર સમિટો તથા વાઇબ્રેન્ટ ગુજરાતના નામે અભિયાન ચલાવેલ છે. આમ સમગ્ર હકીકતોએ અમારી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા અંગે ખરીદ કરેલ જમીન ઉદ્યોગની પરમીશન જમીન મહેસુલ અધિનિયમની કલમ ૫૪ હેઠળ સતત આઠ વર્ષથી પેન્ડીગ છે જે અંગે આપશ્રી તરફથી કોઇ ઉચિત કાર્યવાહી ઝડપી કરવામાં આવતી નથી અને જેના કારણે આગળની કોઇ કાર્યવાહી થઇ શકતી નથી અને પ્રોજેકટ નુકશાન ભોગવી રહેલ છે અને કાયદેસરની ઉતરોતર નોંધો રેવન્યુ રેકર્ડમાં પ્રમાણીત થઇ હોવા છતાં ફાઇલને પેન્ડીગ રાખવામાં આવે છે.**

અમો વધુમાં ખરીદ કરવામાં આવેલ જમીન અંગે જણાવીએ છીએ કે, રેવન્યુ નોંધ અંગેની તમામ ક્ષતિ પૂર્તતા અમારા તરફથી કરવામાં આવેલ છે અને તેમ છતાં જમીન મહેસુલ કાયદાની કલમ ૫૪ હેઠળની મંજુરીની ફાઇલ પેન્ડીગ રાખવામાં આવેલ છે અને આપશ્રીની ઓફીસ તરફથી કોઇ નિર્ણય આટલા લાંબા સમય સુધી કરવામાં આવતો નથી અને જો આવી રીતે વિલંબ થશે તો ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનું અને ઝાલાવાડના વિકાસનું સ્વપ્ન રોળાઇ જશે અને સારો ઉદેશ પાર પડશે નહી અને ઝાલાવાડના લોકોની રોજગારી વિના કારણે રોકાશે તેવા સંજોગોમાં આપશ્રી આ

--- ૨ ---

C/o Sunshine Fasteners Plot No 1601 / 1602 Phase-III, Wadhwan-Surendranagar.
Tel Fax No : +91 2752 240457, 240004 E-mail : rameshsolanki43@gmail.com

Scanned by CamScanner

Surendranagar
Fasteners Manufacturer Association

Ref. No. Date :

અંગે તાત્કાલીક વિચારણા કરી અને અમારી અરજી મંજુર કરી આપવા આગ્રહભરી વિનંતી કરીએ છીએ.

આપશ્રી તરફથી અમારી ઉપરોક્ત રજુઆતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઇ અમારી આઠ વર્ષની પેન્ડીંગ અરજી અંગે હકારાત્મક નિર્ણય લેવા વિનંતી કરીએ છીએ.

આપ સાહેબશ્રીને જણાવવાનું કે, ઉપરોક્ત બાબતે અમારું પ્રતિનિધિ મંડળ આપશ્રીને રૂબરૂ મળવા માંગીએ છીએ તો આપશ્રીનો અનુકુળ સમય નકકી કરીને જણાવવા વિનંતી.

આપશ્રીના સહકારની અપેક્ષા સહ...

આભાર સહ... આપનો વિશ્વાસુ

નકલ સવિનય સાથ રવાના :-
માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીજી, વડાપ્રધાનશ્રી, ભારત સરકાર, પીએમઓ કાર્યલાય, ન્યુ દિલ્લી.
શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
શ્રી કૌશિકભાઇ પટેલ, માન. મહેસુલ મંત્રીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
શ્રી ધનજીભાઇ પટેલ, માન. ધારાસભ્યશ્રી, વઢવાણ વિધાનસભા મતવિસ્તાર, સુરેન્દ્રનગર.
(આપશ્રી તરફથી, ઉપરોક્ત બાબતે યોગ્ય રજુઆત કરવા વિનંતી સહ)
ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત સરકાર, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ડેપ્યુટી કલેકટરશ્રી, (પ્રાંત વઢવાણ) મામલતદાર ઓફીસ, વઢવાણ.
શ્રી દુર્ગેશભાઇ બુચ, પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ.
(આપશ્રી તરફથી ઉપરોક્ત બાબતે યોગ્ય રજુઆત કરવા વિનંતી સહ)
શ્રીમતિ માધવીબેન એચ. શાહ, પ્રમુખશ્રી, શ્રી ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ ઇન્ડસ્ટ્રીઝ, સુરેન્દ્રનગર.
(આપશ્રી તરફથી યોગ્ય રજુઆત કરવા વિનંતી સહ)
શ્રી ગોરધનભાઇ એમ. વરમોરા, પ્રમુખશ્રી, વઢવાણ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, જીઆઇડીસી એસ્ટેટ, વઢવાણ.

---3---

C/o Sunshine Fasteners Plot No 1601 / 1602 Phase-III, Wadhwan-Surendranagar.
Tel Fax No +91 2752 240457, 240004 E-mail : rameshsolanki43@gmail.com

Scanned by CamScanner